કલ્પતરૂ કંપની સાથે અઢી કરોડની ઉચાપત કરના પ્રોજેકટ મેનેજર ઝડપાયો

સેકટર-૨૧ પોલીસે યુપીના વારાણસી ખાતેથી મેનેજરને પકડ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે આવેલી નામાંકિત કલ્પતરૂ પાવર

ટ્રાન્જીકશન લિ.કંપનીમાંથી અઢી કરોડ રૂપીયાની ઉચાપત કરનાર પ્રોજેકટ મેનેજરની ઉતરપ્રદેશના વારાણસીમાંથી ધરપકડ કરવામાં આવી છે. આ પ્રોજેકટ મેનેજર ૬ સબ કોન્ટ્રાકટરો સાથે મળીને આ ઠગાઈ કરી હતી. ત્યારે સેકટર-૨૧ પોલીસ મથકે સાત વ્યકિત સામે વિશ્વાસઘાત-છેતરપિંડી અને જાનથી મારી નાંખવા મુદ્દે ફરીયાદ નોંધાતા સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જે.ચૌહાણે તપાસ શરુ કરી હતી. પ્રોજેકટ મેનેજર અશ્વિનિકુમાર શિવપૂજન સીંગ (રહે.પકરીકલ્લા ઉતરપ્રદેશ) છેલ્લા ૧૦ માસથી નાસતો ફરતો હતો.સેકટર-૨૧ પોલીસને આરોપી વારાણસી હોવાની બાતમી મળતા તેને ત્યાં જઈને પકડી પાડ્યો હતો.

ફરીયાદ મુજબ સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કલ્પતરૂ કંપનીમાં અશ્વિનિ સીંગ પ્રોજેકટ મેનેજર તરીકે વર્ષ ૨૦૧૪ થી કાર્યરત હતો. એપ્રિલ ૨૦૧૮માં કંપનીને આઈઓસીએલ તરફથી પારાદીપ હૈદરાબાદ૬૦૦ કિલોમીટર પાઈપ લાઈનના પ્રોજેકટનું કામ મળ્યું હતું. ત્યારે અશ્વિનિકુમાર ઓરિસ્સાના બહેરામપુર ખાતે ઓફિસમાં બેસીને કામની દેખરેખ રાખતા હતા. ત્યારે વર્ષ ૨૦૧૯માં કંપનીને ધ્યાને આવ્યું હતું કે અશ્વિનિકુમાર પોતે રાખેલા પેટા કોન્ટ્રાકટર સાથે મળીને ખોટા બીલો પાસ કરાવે છે. જેમાં તે કંપનીએ આપેલી મશીનરી અને વ્હીકલનો ઉપયોગ પેટા કોન્ટ્રાકટરો પાસે કરાવી તેના બીલ કંપનીમાં પાસ કરાવતો હતો. જેથી કંપની દ્વારા પ્રોજેકટ મેનેજરનો ખુલાસો માંગતા તેણે એફીડેવીટ કરીને રૂ.૧.૧૫ લાખના ખોટા બીલો પાસ કરાવ્યા હોવાનું જણાવ્યું હતું.

પેટા કોન્ટ્રાકટર ઈશ્વરચંદ ગરનાયક, લલીતેદું પરીડ, પાઠક એન્જીનિયરીંગ, નિમિષ ઈન્ફ્રા, બીટનકુમાર દેહુરી, કેશન એન્ટરપ્રાઈઝ સાથે મળી છેતરપિંડી કરી હતી. અશ્વિનિકુમારે મશીનરી અને ફ્યુઅલના નામે લાખો રૂપીયાની ઉચાપત કરી હતી. અશ્વિનિકુમારને ઉચાપતને પગલે કંપનીમાં હોદા પરથી દુર કરાયા હતા. કંપની દ્વારા રૂપીયાની ઉઘરાણી કરતા સિનિયર મેનેજમેન્ટને પૈસા આપવાની ચોખ્ખી ના પાડી હતી. જયારે અશ્વિનિકુમારે કંપનીના હોદેદારોને ચર્ચા કે ફરીયાદ ન કરવા માટે જણાવ્યું હતું. જયારે રાજકીય અને અંડરવર્લ્ડમાં પણ પહોંચ હોવાનું જણાવ્યું હતું. તો બીજીબાજુ કંપનીએ આપેલુ રૂ.૫૦ હજારનુ લેપટોપ અને પ્રોજેકટ માટે બનાવેલા જરુરી નકશા પણ પરત કર્યા ન હતા. જયારે કામગીરીમાં સંકળાયેલ ટીમના સભ્યોમાં સેકટર-૨૧ પીઆઈ એ. જે. ચૌહાણ, પીએસઆઈ એસ. બી. સોલંકી, હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ, મહાવીરસિંહ અને અશોકસિંહનો સમાવેશ થાય છે.

લીમ્બડીયા પાટીયા પાસે કારની ટક્કરે એકટીવાચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર,તા.૨૯

અમદાવાદ નરોડા ગૌતમ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૬૩ વર્ષિય હસમુખ ડાહ્યાભાઈ શાહ પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ લક્ષ્મી મેડીકલ એજન્સી નામે દવાઓના હોલસેલ વેપારી છે. તેઓ ગત તા.૨૮ ના રોજ સવારે પોતાનું એકટીવા નં.જી.જે.૦૧.એલ. એકસ.-૭૦૬૪ લઈને નરોડા થી ચિલોડા ભુમિ કલીનીક ખાતે દવાઓ આપવા માટે આવ્યા હતા. ત્યારબાદ સાડા અગીયાર વાગ્યાના અરસામાં તેઓ અમદાવાદ પરત જઈ રહ્યા હતા તે સમયે અચાનક લીમ્બડીયા પાસે કાર નં.જી.જે.૦૧.કે.વાય-૫૧૭૩ ના ચાલકે ટકકર મારતા એકટીવા ચાલક વૃધ્ધ નીચે પટકાયા હતા. જેથી તેઓને જમણા હાથે, આંખના ભાગે તેમજ હાથે નાનીમોટી ઈજા પહોંચી હતી. બનાવને પગલે તાત્કાલીક સ્થાનિકો આવી પહોંચતા વૃધ્ધને સારવાર માટે ૧૦૮ દ્વારા નરોડા ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવ અંગે હસમુખભાઈ અજાણ્યા વાહન ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- આજે મંગળવાર એટલે ધારાસભ્યો માટેનો દિવસ નિયત થયેલો છે પણ કમલમ્ ખાતેની બેઠકમાં હાજરી આપવા મંત્રીઓ જતા રહ્યા હોવાથી ધારાસભ્યોને ધક્કો પડ્યો હતો.
- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક ૩૦ મિનિટ ચાલી હતી જેમાં એજન્ડા ઉપરાંત પાછળથી આવેલ દરખાસ્તમાં ફાયર ઓફિસરની જગ્યાનું નામ ચીફ ફાયર ઓફિસર કરવાની વાત હતી જેને મંજૂરી આપવામાં આવી હતી.
- મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં મ્યુનિ. કમિશનરે આજે પણ હાજરી આપી ન હતી. છેલ્લા નવેક માસથી તેઓ હાજરી આપવાનું ટાળી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઠંડીમાં થયેલા વધારાની અસરો આજે જનજીવન પર પણ જોવા મળી હતી.
- જિલ્લામાં ઉજી જાન્યુઆરી સુધી ઠંડા પવનોનું જોર રહેવાની સંભાવનાઓ છે. કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૫.૨૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૧થી૧૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. ભેજનું પ્રમાણ ૧૫ થી ૫૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. ખાસ કરીને રાત્રી દરમ્યાન ઠંડા પવન સાથે શુષ્ક વાતાવરણ રહેવાની સંભાવના છે. ખેડૂતોને પિયત પણ રાત્રીના સમયે આપવા ભલામણ કરવામાં આવી છે.
- રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે વર્ષ ૨૦૨૧નું નયનરમ્ય અને આકર્ષક કેલેન્ડરનું વિમોચન કર્યુ છે.
- જિલ્લા પંચાયત પ્રમુખના સચિવ તરીકે ફરજો બજાવતા મનુભાઈની વિકાસ શાખામાં બદલી કરવામાં આવી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન, એક વાત પૂછું...? આનાથી ખાલી વાયરસ જ મરશે ને...??

વોકઈન ઈન્ટરવ્યુ

નેશનલ આયુષ મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં મંજુર થયેલ નીચે મુજબના ૬ આયુષ હેલ્થ અને વેલનેશ સેન્ટર્સ ખાતે યોગ બાબતે કામગીરી માટે આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા ૬ પુરુષ યોગ ઈન્સ્ટ્રક્ટર અને ૬ સ્ત્રી યોગ ઈન્સ્ટ્રક્ટરની ૧૧ માસ માટે કામગીરી આધારે વતનની શરતોને આધિન નીચેના વિગતે વોકઈન ઈન્ટરવ્યુ રાખેલ છે.

શૈક્ષણિક લાયકાત : ઉમેદવાર સરકાર માન્ય સંસ્થા / યુનિવર્સિટી / ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગ વિષયે સર્ટીફિકેટ / ડિપ્લોમા / ડિગ્રી અથવા સંલગ્ન કોર્ષ પૈકી કોઈપણ એક માન્ય લાયકાત ધરાવતો હોવો જોઈએ.

વય મર્યાદા : ૧૮ વર્ષની ઉપર (ઈન્ટરવ્યુ તારીખના રોજ)

કામગીરી તથા વેતન

(૧) પુરુષ યોગ ઈન્સ્ટ્રક્ટર ૧ કલાકના યોગ સેશનના રૂ. ૨૫૦ લેખ કુલ ૩૨ સેશન માટે માસિક મહત્તમ રૂ. ૮,૦૦૦/-

(૨) સ્ત્રી યોગ ઈન્સ્ટ્રક્ટર ૧ કલાકના યોગ સેશનના રૂ. ૨૫૦/- લેખે કુલ ૨૦ સેશન માટે માસિક મહત્તમ રૂ. ૫,૦૦૦/-

કામગીરીનું સ્થળ : આયુષ હેલ્થ અને વેલનેશ સેન્ટર્સ (૧) ટીંટોડા, તા. ગાંધીનગર (૨) મગોડી, તા. ગાંધીનગર (૩) સરઢવ, તા. ગાંધીનગર (૪) સેક્ટર-૭, ગાંધીનગર (૫) પરબતપુરા, તા. માણસા (૬) ઈસંડ, તા. કલોલ

નોંધ : ઉમેદવાર લાયકાતના પ્રમાણપત્રો, ઓળખ અને રહેઠાણના પુરાવા અસલ - સેલ્ફ એટેસ્ટેડ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ૨ ફોટોગ્રાફ સાથે સ્વખર્ચે હાજર થવાનું રહેશે. સદર કામગીરી કરાર આધારીત હોવાથી અન્ય કોઈ હક્ક હિત મળવાપાત્ર થશે નહી તથા ૧૧ માસની મુદત પુરી થયેથી નિમણુંક આપોઆપ સમાપ્ત થયેલી ગણાશે. ભરતી બાબતના તમામ અધિકાર ભરતી સમિતિને અબાધિત રહેશે.

વોક ઈન ઈન્ટરવ્યુ : તા. ૪/૧/૨૦૨૧, સોમવાર
સ્થળ : આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર
સમય : સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાકે

સહી/-
જિલ્લા આયુર્વેદ અધિકારી
જિલ્લા પંચાયત ગાંધીનગર

સહી/-
જિલ્લા વિકાસ અધિકાર અને અધ્યક્ષ
જિલ્લા કક્ષા સમિતિ,
આયુષ HWCS ગાંધીનગર

માહિતી/૧૬૦૬/૨૦-૨૧

આદિવાસીઓના વિકાસની દરકાર, રાખી રહી છે ગુજરાત સરકાર

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોનાં સર્વાંગી વિકાસ માટે પાછલા ૧૦ વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા રૂ. ૯૦,૦૦૦ કરોડ થી વધુ

પીવાનું પાણી અને સિંચાઈ — આદિજાતિ વિસ્તારોમાં ઘરે ઘરે પહોંચ્યું છે પાણી

- જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના **૨૬૧૪ ગામોને પાણી પહોંચાડાઈ રહ્યું છે જ્યારે ૮૯૬ ગામોના કામ પ્રગતિમાં**
- વર્ષ ૨૦૦૧માં ૪૮,૬૯૮ આદિવાસી પરિવારોને નળથી પાણી મળતું હતુ જે **આજે ૧૧.૩૦ લાખ પરિવારો સુધી પહોચ્યું** આ વિસ્તાર માટે પીવાના પાણીની યોજનાઓ ઉપર **રૂ.૫૩૭૦.૪૪ કરોડનો ખર્ચ થયો**
- પાછલા ૪ વર્ષમાં સિંચાઈની વિવિધ યોજનાઓના **૧૬૩૧ કામો હાથ ધરી ૧,૯૪,૨૫૭ એકર વિસ્તારને સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી**
- **રૂ.૩૭૯૬ કરોડના ખર્ચની** ૧૦ મોટી ઉદ્વહન સિંચાઈ યોજના પ્રગતિમાં, જેનાથી ૨૧ તાલુકાના ૫૯૦ ગામોના ૨,૩૦,૨૫૦ એકર વિસ્તારને સિંચાઈ સુવિધા મળશે

વીજળી ૨૪x૭ — આદિવાસી પરિવારોનાં ઘર થઈ રહ્યાં છે વીજળીથી રોશન

- **આદિવાસી પરિવારોનાં ઘર ૨૪x૭ થઈ રહ્યાં છે વીજળીથી રોશન**
- આ વિસ્તારના **૫૮૮૪ ગામોમાં પહોચાડાઈ વીજળી અને ૧૭૯ નવા સબસ્ટેશન** ઉભા કરવામાં આવ્યા
- આદિજાતિ વિસ્તારોનાં **૧,૮૩,૫૮૭ ખેતરોમાં પહોંચાડાઈ વીજળી**
- કુટીર યોજના હેઠળ **૧,૨૫,૮૮૩ ઘરોમાં અપાયા વીજ કનેકશન**

રસ્તા — આદિજાતિ વિસ્તારોમાં મોટાપાયે થયું રસ્તાઓનું નિર્માણ

- આદિજાતિ વિસ્તારના **તમામ મહેસુલી ગામોને બારેમાસ રસ્તાઓ સાથે જોડવામાં આવ્યાં**
- **૨૫૦થી નીચી વસ્તીવાળા આદિજાતિ વિસ્તારોનાં** ૯૮૪ પરાને રાજ્યની વનબંધુ કલ્યાણ યોજના અને ૮૩ ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ એમ કુલ ૧૦૬૭ પરાઓને **એસ્ફાલ્ટ રોડથી જોડવામાં આવ્યા**
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં અંતરિયાળ વિસ્તારમાં **૭૨૧૦ કિ.મી. લંબાઈના રસ્તાઓનું નિર્માણ**
- આદિજાતી વિસ્તારોના રસ્તાના બાંધકામ અને સમારકામ માટે વિભાગના કુલ બજેટના આશરે **૧૪.૫૦% જેટલું બજેટ ફાળવવામાં આવ્યું**

શિક્ષણ — શિક્ષણથી દીવા થયા, ભણતરથી અંધારા ગયા

- ૭૫૩ જેટલી આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓના **૧,૩૭,૦૦૦ વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા પુરી પાડવા ૬૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ**
- **૧૪ આદિજાતિ જિલ્લામાં મેડિકલ અને એન્જિનિયરીંગ શાખાઓમાં પ્રવેશ પરીક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૯૦ થી વધુ તાલીમ કેન્દ્ર શરૂ કરાયા. જેમાથી ૨૭૪ વિદ્યાર્થીઓએ NEET અને JEE માં ૩૩૯ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવાપાત્ર થયેલ છે**
- **૪૪ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ શાળા, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળા, ૧૨ મોડલ શાળાઓ, ૨ સૈનિક શાળાઓમાં ૩૩,૬૭૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે**
- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ **આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ૨ લાખ થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપનો લાભ આપવા માટે રૂ. ૩૭૯ કરોડની જોગવાઈ છે**
- રાજ્યમાં ૨૯ મેડિકલ કોલેજો પૈકી ૩ કોલેજો આદિજાતી વિસ્તારમાં, ૯ જિલ્લાઓમાં ૧૮ સમરસ છાત્રાલયોમાં આદિજાતિના ૩૭૫૦ વિદ્યાર્થીઓને રહેવા જમવાની વ્યવસ્થા

જમીનના હક — આદિવાસીઓને તેમની જમીનના માલિકીના હક મળ્યાં

- **પેસા એક્ટના ત્વરીત અમલથી વનબંધુઓને વન પેદાશો–ગૌણ ખનીજના પ્રથમ અધિકાર આપી સ્થાનિક વિકાસને અગ્રતા અપાઈ**
- **છેલ્લા ૬ વર્ષમાં વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૪ જિલ્લાના અંદાજીત ૯૬,૦૦૦ થી વધુ આદિવાસીઓને વ્યક્તિગત અને સામુદાયીક જમીની દાવા મંજૂર કરી આદેશપત્ર એનાયત કરાયા**

સાંસ્કૃતિક વારસાનું જતન અને ટુરિઝમ — સંસ્કૃતિનું રક્ષણ પણ અને વિકાસ પણ

- **આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં મહત્વનો ફાળો આપનાર આદિવાસી સ્વાતંત્રવીરોના યોગદાનને ઉજાગર કરનાર રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયબલ મ્યુઝિયમની ૬૫% કામગીરી પૂર્ણ. રૂ.૧૦૩.૧૭ કરોડનાં ખર્ચે તૈયાર થનારું આ મ્યુઝિયમ ૨૦૨૨માં તૈયાર થશે**
- **સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા નર્મદા જિલ્લામાં ટુરિઝમ સેકટરનો વિકાસ થયો અને રોજગારીનું સર્જન થયું**

વિકાસલક્ષી નેતા, પ્રગતિશીલ સરકાર...

દરેક ગામ દરેક શહેરની એક જ વાત, વિકાસપથ પર અગ્રેસર ગુજરાત

વનબંધુઓનાં સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત